## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




ડિયર, મુશ્કેલીથી આટલા બધા રોઝ લાવ્યો છું. મહેરબાની કરીને તું તારી મમ્મીને ન આપીશ... એ ચોક્કસથી ગુલકંદ બનાવી નાખશે...

## વાત-વાતમાં.....

- ગાંધીનગરમાં સાબરમતી નદીના કુદરતી કોતરોમાં વિકસાવાયેલ સંસ્કૃતિ કુંજ ખાતે દર વર્ષે વસંતઋતુમાં યોજાતો ''વસંતોત્સવ'' રાજ્યભરમાં પાટનગરની આગવી ઓળખ સમો બની રહે છે. આ વર્ષે વસંતોત્સવ તા. ૨૫મી ફેબ્રુારીથી પ્રારંભ થઈ રહ્યો છે જે ૫ મી માર્ચ સુધી ચાલશે જેમાં દેશના વિવિધ રાજ્યોના કલાકારો વૈવિધ્યસભર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરશે તેમજ તે સાથે હસ્તકલાની ચીજવસ્તુઓનું બજાર ગ્રામહાટ પણ ભરાશે.
- શહેરમાં પીયુસી સહિત વાહનવ્યવહારના નિયમોનું પાલન કરાવવા ટ્રાફિક પોલીસ જડબેસલાક પગલાં લઈ રહી છે પરંતુ રાજ્ય સરકારની એસટી બસો જ બેફામ ધુમાડા ઓકતી પસાર થતી જોવા મળે છે. 'ચ' રોડ પરથી સાંજના પોણા છ ના સુમારે પસાર થતી બામણવા-અમદાવાદ રૂટની એસટી બસ એટલા કાળા ડિબાંગ ધુમાડા ઓકતી હતી કે તેની આસપાસના વાહનચાલકો ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો પરેશાન થઈ ઉઠ્યા હતા.
- શનિ-રવિ દરમ્યાન શહેરમાં પુષ્કળ પ્રમાણમાં લગ્ન સમારંભોના આયોજનો થયા છે. આ શનિવાર મહિનાનો બીજો શનિવા હોવાથી સરકારી રજા મળી જતા કર્મચારીઓને લગ્ન સમારંભોમાં હાજરી આપવી સરળ બન્યુ છે.



## એલઆરડી ભરતી મુદ્દે આંદોલન કરી રહેલી ત્રણ મહિલા ઉમેદવારોની તબિયત લથડી

છેલ્લા કેટલાક સમયથી એલઆરડી ભરતી મુદ્દે આંદોલન ચલાવી રહેલી એસસી, એસટી, ઓબીસી સમાજની મહિલા ઉમેદવારોમાંથી ત્રણ ઉમેદવારોની તબિયત લથડતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા છે. ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે ૬૦ દિવસથી આંદોલન કરી રહેલી અને ૧૭ દિવસથી અન્નનો ત્યાગ કરી ન્યાય મેળવવા માટે મથામણ કરી રહેલી પૂજા સાગઠીયા, ભાવના મકવાણા, હેતલ ધારાવાડીયા તેમજ તેઓની સાથે જ આંદોલન અને ઉપવાસ કરી રહેલા હસમુખ સકસેનાની તબિયત લથડતા તેઓને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા. જેમાં પૂજા સાગઠીયા અને હસમુખ સકસેનાને અમદાવાદ ખાતે યુ.એન.મહેતા ખાતે પણ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા શુક્રવારની સાંજે ગાંધીનગર હોસ્પિટલના તાત્કાલીક વિભાગ ખાતે પહોંચી ગયા હતા અને મહિલા ઉમેદવારોની મુલાકાત લઈ તેઓની જીત થશે તેવું આશ્વાસન આપ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# ઝુંડાલ પાસેથી ટ્રકમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### એસીના જથ્થાની પાછળ દારૂની પેટીઓ સંતાડી હતી

### એલસીબી-૨ એ ૭૯.૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર,તા.૭

ગાંધીનગર એલસીબી-૨ પોલીસે ઝુંડાલ પાસેથી બાતમીને પગલે ટ્રકમાં એસીની આડમાં લઈ જવાતો વિદેશી દારુનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ.૬૭.૧૫ લાખના એસીના જથ્થાની પાછળ દારુની ૫૯૯ બોટલ મળી આવી હતી. પોલીસે દારુ, એસી, મોબાઈલ, અને ટ્રક મળીને કુલ રૂ.૭૯,૫૫,૧૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ટ્રક ચાલક સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી તે સમયે હે.કો. અશ્વિનસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે તપોવન સર્કલ થી ઝુંડાલ સર્કલ વચ્ચે રીંગ રોડના સર્વિસ માર્ગ પર પડેલા ટ્રકમાં દારૂનો જથ્થો છે. જેથી પોલીસે અહી રામદેવ હોટલ પાસે જઈને તપાસ કરતા આર.જે.૧૪. જી. બી.-૯૯૫૯ નંબરનો ટ્રક પડ્યો હતો, પરંતુ ટ્રકમાં કોઈ હાજર ન હતું. જેથી એલસીબી પોલીસે તપાસ કરતા એડીની આડમાં વિદેશી દારૂનો મળી આવ્યો હતો. પોલીસે ૫૯૯ બોટલ દારુ કિં.રૂ.૨,૩૯,૬૦૦ હતી. જયારે બ્લુસ્ટાર સ્પ્લીટ એસીના ઈન્ડોર અને આઉટડોર યુનિટના ૧૭૦ સેટ હતા. એક એસીની કિં.૩૯૫૦૦ લેખે ૧૭૦ એસીની કિ.૬૭.૧૫ લાખ થવા પામે છે.પોલીસે એસી, દારુ,મોબાઈલ, રૂ.૧૦ લાખનો ટ્રક મળીને કુલ ૭૯,૫૫,૧૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સમર્પણ કોલેજ ખાતે ઈન્ટર ક્લાસ સ્પોર્ટસ વીકની ઉજવણી

### સ્પોર્ટસ વીક અંતર્ગત વોલીબોલ, ક્રિકેટ, કબડ્ડી, ચેસ અને એથ્લેટિક્સની સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગરના સેક્ટર-૨૮ ખાતેની સમર્પાણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં 'ઈન્ટર ક્લાસ સ્પોર્ટસ વીક'નું આયોજન કરવામાં આવ્યુ હતુ જે અંતર્ગત ક્રિકેટ, વૉલીબોલ, ચેસ, કબડ્ડી તથા એથ્લેટિક્સ જેવી રમતોની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.



સમર્પણ કોલેજના 'ઈન્ટર ક્લાસ સ્પોર્ટસ વીક'માં યોજાયેલ સ્પર્ધાઓમાં ક્રિકેટમાં ૭ ટીમો, વૉલીબોલમાં ૪ ટીમો, કબડ્ડીમાં ૫ ટીમો, ચેસમાં ૧૦ ખેલાડીઓ અને એથ્લેટિક્સમાં ૬૪ ખેલાડીઓ વચ્ચે ટક્કર થવા પામી હતી. સમગ્ર સ્પોર્ટ્સ વીકનું સંચાલન કોલેજના સ્પોર્ટ્સ પ્રાધ્યાપક પ્રો. મહેન્દ્ર મોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ક્રિકેટની સ્પર્ધામાં ફાઈનલમાં ગુજરાતી વિષયના સેમેસ્ટર-૬ની ટીમનો વિજય થયો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતે આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાએ પંચાયતના અગ્રણીઓ અને સંગઠ્ઠનના આગેવાનો સાથે પક્ષના સંગઠ્ઠનને લઈ ચર્ચાઓ કરી હતી.
- ગાંધીનગર વાણિજ્ય કોલેજ ખાતે આગામી ૨૦મી ફેબ્રુઆરીના રોજ રોજગાર મેળાનું આયોજન હાથ ધરાયુ છે જેમાં ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે.
- ગાંધીનગર જિલ્લા તેમજ કોર્પોરેશનમાં આરોગ્ય વિભાગની વિવિધ યોજનાઓના અમલીકરણ તેમજ પ્રોગ્રામના સંકલન માટે ડૉ. અંજુબેન પરમારને લાયઝન અધિકારી તરીકે આરોગ્ય કમિશ્નરશ્રી દ્વારા નિયુક્ત કરાયા છે. તેઓ તેમનો અહેવાલ સીધો કમિશ્નરને આપશે.
- કોરોના વાયરસનું રિપોર્ટીંગ તેમજ રીપોર્ટીંગના રિવ્યુ માટે જિલ્લા-કોર્પોરેશન કક્ષાએ રોગચાળા નિયંત્રણ શાખાના કર્મચારીઓને જાણકારી મળી રહે તે માટે આજે સવારે ૧૦ થી ૧૧ દરમ્યાન ખાસ સેટકોમનું આયોજન કરવામાં આવ્યુ છે.
- લગ્નસરાની સિઝન અને શનિ-રવિની રજાનો લાભ ધ્યાને રાખી આજે બપોર પછી ઘણી બધી કચેરીઓ સુમસામ ભાસતી હતી.



મિશન ઈન્દ્રધનુષ અંતર્ગત રસીકરણ અભિયાનમાં આજે ગાંધીનગર નજીક કુડાસણ ખાતેની કન્સ્ટ્રક્શન સાઈટના શ્રમિક પરિવારોના ભૂલકાંઓ માટે મોડી સાંજે સેશનનું આયોજન કરાયુ હતુ તે માટે જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. સોલંકી તેમજ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલ આ સેશનમાં પહોંચ્યા હતા અને પરિવારો તેમજ કર્મયોગીઓ સાથે ચર્ચાઓ કરી તેમને રસીકરણનું મહત્વ સમજાવ્યું હતું.

### નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની નિખાલસતાને ધન્યવાદ!

તાજેતરમાં વડનગર તાલુકાના કહીપુર ગામે પ્રાથમિક શાળાના લોકાર્પણ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તંત્ર પાસે કામગીરી કરાવવા તેઓએ રૂબરૂ જવું પડે છે. આટલું ઓછું હોય તો કામને ફોલોઅપ કરવા માટે અધિકારીઓ પાસે જાણકારી મેળવવી પડે છે. ટેન્ડર બહાર પડયું, પ્લાન બની ગયા, કામ પ્રગતિમાં છે કે નહિ, માલ સામાની ગુણવત્તાની માહિતી સંબંધિત શાખાના કર્મચારી-અધિકારીઓએ રાખવી પડે છે તે મંત્રી તરીકે તેઓએ રાખવી પડે છે. ધન્ય છે રાજયના નાયબ મુખ્યમંત્રી કે જેમણે જાહેરમાં સરકારી ખાતાની કામગીરીને ખુલ્લા દિલે સ્વીકારી લીધી.

## રક્તદાન શિબિરો તથા થેલેસેમિયા જાગૃતિ માટે રેડક્રોસની જિલ્લા શાખા દ્વિતિય સ્થાને સન્માનિત

### જિલ્લામાં સૌથી વધુ થેલેસેમિયા સ્ક્રીનીંગ માટે કલોલ તાલુકા શાખાનું પણ સન્માન

ગાંધીનગર, તા. ૭

આજે ગાંધીનગર ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની




ગુજરાત શાખાની વાર્ષિક બેઠક રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ બેઠકમાં રેડક્રોસ સોસાયટી દ્વારા ગુજરાતમાં માનવતાવાદી કાર્ય કરનાર સંસ્થાના શ્રેષ્ઠત્ય કર્મયોગીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે ગાંધીનગર જિલ્લાની ઈન્ડિયન રેડક્રોસની શાખાને થેલેસેમિયા જાગૃતિ માટે યુવા વર્ગમાં શ્રેષ્ઠ કાર્ય કરવા બદલ દ્વિતિય સ્થાને સન્માનવામાં આવી હતી. આ સાથે જિલ્લા શાખાને સૌથી વધુ રક્ત એકત્રિકરણ કરવા બદલ પણ જિલ્લામાં થેલેસેમિયા સ્કિનિંગ ટેસ્ટ માટે પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું હતું.

ગાંધીનગર જિલ્લા રેડક્રોસ શાખા દ્વારા પોતાની બ્લડબેંકની સુવિધા ના હોવા છતાં સૌથી વધુ રક્તદાન શિબિર આયોજિત કરીને રક્ત એકત્રિકરણમાં અમદાવાદ જિલ્લા શાખા પછી બીજુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આજ રીતે જિલ્લા શાખાને થેલેસેમિયા જાગૃતિ માટે કોલેજોમાં અવરેસ કેમ્પ યોજી સૌથી વધુ સ્કિનીંગ કરવા માટે પણ અમદાવાદ પછી દ્વિતિય સ્થાન પ્રાપ્ત થયું છે. ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ થેલેસેમિયા સ્કિનીંગ માટે




દ્વિતિય સ્થાને સન્માન પ્રાપ્ત થયું હતું જયારે કલોલ તાલુકા રેડક્રોસને કલોલ શાખાને પ્રથમ સ્થાને સન્માનવામાં આવી હતી.

### અમદાવાદમાં નવ ફેબ્રુઆરીએ ગ્રીન મેરેથોનનું આયોજન

અમદાવાદ શહેરમાં તા.૯મી ફેબ્રુઆરીના રોજ સાબરમતી રિવરફ્રન્ટ ખાતે એસીબીઆઇ દ્વારા ગ્રીન મેરેથોનની તેની ત્રીજી એડિશન યોજવા જઇ રહ્યું છે. જેમાં આશરે ૬૫૦૦થી વધુ લોકો ભાગ લેશે. નોંધનીય વાત એ છે કે, આ પ્રેરણારૂપ ઇવેન્ટમાં શુભેચ્છા પાઠવવાના ભાગરૂપે ભારતીય ટીમના પૂર્વ વિકેટકિપર નયન મોંગીયા ખાસ પધારશે. ગ્લોબલ વોર્મીંગ અને પર્યાવરણ સામે વધી રહેલા ખતરાને જોતાં સમાજમાં પર્યાવરણ જાળવણી અને આપણી ભાવિ પેઢીના સુખાકાર યુક્ત જીવન માટેની ઉજવણી માટે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા એસબીઆઇ ગ્રીન મેરેથોનનની ૩જી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. બેન્કની એન્યુઅલ ફ્લેગશીપ ઇવેન્ટ અમદાવાદ ખાતે ૯ ફેબ્રુઆરી૨૦ના રોજ યોજાશે. જેમાં બેન્ક દ્વારા સવારે પાંચ વાગ્યાથી સાબરમતી રિવર ફ્રન્ટ ખાતે ૫ કિમી, ૧૦ કિમી, ૨૧ કિમી રનનું આયોજન કરવામાં આવ્યું છે.

## ખાણ બ્યુરો આયોજિત ૨૮મી અખિલ ભારતીય રમત-ગમત સ્પર્ધા ૨૦૧૯-૨૦નો ૧૨ ફેબ્રુઆરીએ ગાંધીનગર ખાતે શુભારંભ

ભારતીય ખાણ બ્યુરો દ્વારા આગામી તારીખ ૧૨થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ૨૮મી અખિલ ભારતીય રમત-ગમત સ્પર્ધા ૨૦૧૯-૨૦નું આયોજન કરવામાં આવ્યું છે. જીએમડીસીના મેનેજીંગ ડિરેક્ટર શ્રીઅરૂણકુમાર સોલંકી તથા ભૂ-વિજ્ઞાન અને ખાણ વિભાગના કમિશનરશ્રી ૧૨મી ફેબ્રુઆરીના રોજ સવારે ૯-૦૦ કલાકે આ સ્પર્ધાનો શુભારંભ કરાશે.

ભારત સરકારના ખાણ મંત્રાલય હેઠળના ભારતીય ખાણ બ્યુરો દ્વારા બ્યુરોના અધિકારીઓ, કર્મચારીઓ માટે દર વર્ષે રમત-ગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. આ સ્પર્ધામાં ૧૦૦ મીટર દોડ, ૮૦ મીટર દોડ (દિવ્યાંગ), ૪૦૦ મીટર દોડ, ૧૦૦ ટ ૪ મીટર રીલે, ૧૫૦૦ મીટર દોડ, ૨ કિ.મી.પેદલ ચાલ, ડિસ્ક થ્રો,ગોળા ફેંક, બરછી ફેંક, લાંબી કૂદ, ટેબલ ટેનિસ, બેડમિન્ટન જેવી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સ્પર્ધામાં નાગપુર, ગુવાહાટી, રાંચી, રાયપુર, ગોવા,ઉદયપુર, ભુવનેશ્વર, દહેરાદૂન, બેંગ્લોર, દિલ્હી, કોલકત્તા, અજમેર, જબલપુર તથા હૈદરાબાદથી સ્પર્ધકો ભાગ લેશે.

આ રમત-ગમત સ્પર્ધાનું સમાપન તેમજ પુરસ્કાર વિતરણ સમારોહ સાંસ્કૃતિક કાર્યક્રમની સાથે તારીખ ૧૪/૨/૨૦૨૦ના રોજ સંત શ્રી રોહીદાસ સ્મૃતિ મંદિર,સેક્ટર-૬/સી, ગાંધીનગર ખાતે યોજાશે.

ગુજરાત વિધાનસભા ખાતે આગામી તા.૧૧ ફેબ્રુઆરીએ ''ટેકનોલોજીની માનવજીવન પર અસર'' વિષયક વ્યાખ્યાન કાર્યક્રમ યોજાશે : વિધાનસભાના અધ્યક્ષશ્રીના હસ્તે શુભારંભ

મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળના સભ્યો સહિત વિધાનસભાના સભ્યો ઉપસ્થિત રહેશે

ગુજરાત વિધાનસભા ખાતે ગ.વા.માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરોના ઉપક્રમે આગામી તા. ૧૧ ફેબ્રુઆરીએ ''ટેકનોલોજીની માનવજીવન પર અસર'' વિષયક વ્યાખ્યાન કાર્યક્રમ યોજાશે એમ ગુજરાત વિધાનસભા સચિવાલયની યાદીમાં જણાવાયું છે.

ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે શાસકપક્ષમાં બપોરે ૨ થી ૮ કલાક દરમિયાન યોજાનાર આ વ્યાખ્યાન કાર્યક્રમનું ઉદઘાટન વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, મંત્રીમંડળના સભ્યો સહિત વિધાનસભાના સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં એમ.આર.પી.ઈ.ના ડૉ.વિજય કે.શાહ પ્રવચન આપશે તેમ વધુમાં જણાવાયું છે.

## શાહપુર પ્રાથમિક શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિનું અમૃતસરમાં સન્માન

નવોદય ક્રાંતિ પરિવાર ભારત દ્વારા ૨-૩-૪-ફેબ્રુઆરી-૨૦૨૦ના રોજ અમૃતસર પંજાબ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાઈન આર્ટસ ગેલેરી ખાતે નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતભરમાંથી કુલ ૨૦ રાજ્યોના ઈનોવેટિવ સારસ્વત મિત્રોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નવોદય ક્રાંતિનો મુખ્ય હેતુ ''સૌના માટે સરકારી શિક્ષા, બહેતર હો હમારી શિક્ષા' અંતર્ગત નવોદય ક્રાંતિ



પરિવાર ભારતના સરકારી શાળાના શિક્ષણને અને શિક્ષકોને પ્રોત્સાહન આપતું એક પરિવાર છે. જે શિક્ષકોને કરેલા વિશિષ્ટ શૈક્ષણિક અને સંશોધન કાર્યોને હરહંમેશ પ્રોત્સાહન આપી સન્માનિત કરે છે. વર્ષ-૨૦૨૦નું આ અધિવેશનમાં ભારતના વિવિધ રાજ્યોમાંથી ૩૦૦ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશનમાં સરકારી શાળા શ્રેષ્ઠ શાળા- આ ધ્યેય સિદ્ધ કરવા શિક્ષકમિત્રોએ પોતાની શાળાને અદ્યતન અને પ્રાઈવેટ શાળાથી અમારી શાળા કેવી રીતે અલગ પડે છે તેનું વિશેષ માહિતીનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું.



## ડો. સુરેશ જોષીપુરાને આંતરરાષ્ટ્રીય એવોર્ડ

તાજેતરમાં પુના ખાતે મળેલી ડર્માકોન ૨૦૨૦માં શહેરના ડૉ. સુરેશ જોશીપુરાને બીજો આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે ડૉ. સુરેશ જોષીપુરાએ ચર્મરોગ, રકતપિત્ત અને એઈડસ વિશે લોકજાગૃતિ ફેલાવી છે તથા ૩૭ જેટલા દેશભરમાં ફરી ભારતમાં થતા રોગ વિશેની માહિતી આદાન પ્રદાન કરી છે તથા ઈન્ટરનેશનલ લીગ ઓફ સોસાયટીના તે સભ્ય છે.

## મહેસૂલી સેવાઓને ઝડપી, સરળ અને ઓનલાઈન કરવાની પ્રક્રિયા જારી

મહેસૂલ મંત્રી કૌશિક પટેલે જણાવ્યું કે મહેસૂલી સેવાઓને સરળ, ઝડપી અને ઓનલાઈન કરવાની કવાયતને આગળ ધપાવતાં ખૂબજ ટુંકા ગાળામાં ૨૧ જેટલી વિવિધ મહેસૂલી સેવાઓને ઓનલાઈન કરવામાં આવી છે. જે પૈકી ૧૯ જેટલી સેવાઓનું ફેસલેસ પધ્ધતિથી અમલીકરણ થઈ રહ્યું છે. જેનો લાભ નાગરીકો મેળવી રહ્યાં છે. આવી જ વધુ બે મહેસૂલી સેવાઓ માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા દસ્તાવેજ રજીસ્ટ્રેશન માટે જરૂરી એપોઈન્ટમેન્ટ મેળવવાની પધ્ધતિને પણ ઓનલાઈન કરવા લેવામાં આવેલ નિર્ણય વિશે માહિતી આપતા પટેલે ઉમેર્યું કે હાલમાં પક્ષકારોએ પોતાના દસ્તાવેજની નોંધણી કરાવવા માટે સબરજીસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ આવી સંપુર્ણ વિગતો સાથેનો દસ્તાવેજ રજુ કરવાનો રહે છે, જે ધ્યાને લઈ તેઓને ટોકન નંબર આપવામાં આવે છે. જેમાં પક્ષકારે પોતાનો ક્રમ આવવા સુધી પ્રતિક્ષા કરવાની રહે છે. રાજ્ય સરકારે તાજેતરમાં ઓનલાઈન ટોકન પ્રથા પણ અમલમાં મુકી છે. જે અંતર્ગત પક્ષકારો પોતાના દસ્તાવેજ નોંધણી માટે મહેસૂલ વિભાગની 'ગરવી' વેબસાઈટ મારફતે જરૂરી સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીનું ઓનલાઈન ચુકવણું કર્યા બાદ પોતાના દસ્તાવેજની નોંધણી માટે તારીખ અને સમય ઓનલાઈન મેળવી શકે છે.



### પ્રાંતિજ નગરપાલિકા

**જાહેર ટેન્ડર નોટીસ - ૨૦૧૯/૨૦૨૦**

### હોર્ડીંગ્સ મુકવા માટે

આથી પ્રાંતિજ નગરમાં જાહેર રોડ ઉપરની બાજુમાં નગરપાલિકાની માલિકીના પ્લોટ તથા ભવન ઉપર હોર્ડીંગ્સ ૨૦૨૦ માટે મુકવા સારૂ ટેન્ડર માંગવામાં આવે છે. સદર ટેન્ડર નોટીસ પ્રસિદ્ધ થયા તા. ૧૦/૨/૨૦૨૦ થી તા. ૧૭/૨/૨૦૨૦ સુધી ઓફીસના કામકાજ દરમિયાન નિયત શરતો આધિન ટેન્ડર રૂબરૂમાં ટેન્ડર ફી રૂ. ૧૦૦૦/- ભરી મેળવી લેવા અને સદર ટેન્ડર બંધ કરવામાં કવર ઉપર હોર્ડીંગ્સ માટેના ભાવ લખી તા. ૨૪/૨/૨૦૨૦ના સાંજના ૧૬.૦૦ કલાક સુધી ફક્ત ભારતીય પોસ્ટ દ્વારા આર.પી.એ.ડી.થી ટપાલ કરી, નગરપાલિકાને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા પછી આવેલ ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે. નગરપાલિકાએ નક્કી કરેલ શરતો ટેન્ડર કોપીમાં દર્શાવવામાં આવેલ તે આધિન સ્વિકારવામાં આવશે. આવેલ ભાવપત્રકો પૈકી કોઈપણ ઠેકેદારશ્રીના ભાવ અથવા તમામ ભાવ પત્રક કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય અબાધ રાખવા ના મંજુર કે તમામ પ્રક્રિયા કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાના અધિકાર નગરપાલિકાને સ્વાધિન રહેશે. ન્યાય ક્ષેત્ર પ્રાંતિજ રહેશે.

| સહી/- | સહી/- | સહી/- | સહી/- |
|---|---|---|---|
| વિશાલ બી પટેલ | કોકિલાબેન વી. પટેલ | દેસાઈ નયનકુમાર બી. | ગીતાબેન એસ. પટેલ |
| મુખ્ય અધિકારી | અધ્યક્ષ | ઉપપ્રમુખ | પ્રમુખ |
| પ્રાંતિજ નગરપાલિકા | કારોબારી સમિતિ | પ્રાંતિજ નગરપાલિકા | પ્રાંતિજ નગરપાલિકા |

જા. નં./૯૯૧/૨૦૧૯/૨૦ તા. ૭/૨/૨૦૨૦